FMC

નૈતિક

# આચારસંહિતા

અને ધંધાકીય વર્તણૂક

FMC Corporation

ઓક્ટોબર, 01, 2012

સુધારેલ 15 એપ્રિલ 2015

# અનુક્રમણિકા


નૈતિક આચારસંહિતા અને ધંધાકીય વર્તણુંકનો પરિચય........................................................ 1

નૈતિક આચારસંહિતા અને ધંધાકીય વર્તણુંક ......................................................... 2

1. નૈતિક વર્તણુંક પ્રત્યે આપણે સમર્પિત છીએ........................................................ 2
2. આપણે કોડ, અન્ય FMC નીતિઓ, અને અન્ય તમામ લાગુ નિયમો સાથે સુસંગત છીએ........... 2
3. આપણે FMC કોર્પોરેટ રીસ્પોન્સીબિલીટી પ્રોગ્રામનો અમલ કરીએ છીએ......................... 3
4. આપણે શંકાસ્પદ અપાલનનો રીપોર્ટ કરીએ છીએ............................................... 3
   અપાલન રીપોર્ટીંગ પ્રક્રિયા ............................................................... 3
5. ગ્રાહકો સાથે આપણાં સંબંધોની આપણે કદર કરીએ છીએ અને તેને સુરક્ષિત કરીએ છીએ.......... 4
6. આપણાં કર્મચારીઓ સાથેનાં સંબંધોની આપણે કદર કરીએ છીએ અને તેને સુરક્ષિત કરીએ છીએ... 4
   કર્મચારીઓ માટે આદર........................................................................ 4
   બાળ મજુરી / બળપૂર્વક મજુરી ........................................................... 5
   કર્મચારીઓની ગુપ્તતા માટે આદર ....................................................... 5
   સલામત અને તંદુરસ્ત કાર્ય પર્યાવરણ ................................................... 5
   કોઈ આવશ્યક દુરવ્યવહાર નથી ......................................................... 5
7. આપણે સ્વાસ્થય, સલામતી અને પર્યાવરણીય નિયમોનું પાલન કરીએ છીએ..................... 5
   સ્વાસ્થય, સલામતી, સુરક્ષા અને પર્યાવરણ વિશે FMC ની વિશ્વસ્તરની નીતિ............... 6
8. સપ્લાયર્સ અને કોન્ટ્રાકટર્સ સાથે આપણાં સંબંધોની આપણે કદર કરીએ છીએ અને તેને સુરક્ષિત કરીએ છીએ........................................................................ 6
9. આપણે આપણી મિલકતનું અને અન્યની મિલકતનું રક્ષણ કરવાનું છે.............................. 7
   કંપની હેતુઓ માટે આપણાં ઈલેક્ટ્રોનિક કોમ્યુનિકશેન્સ અને ઈન્ટરનેટ એક્સેસનો આપણે ઉપયોગ કરીએ છીએ.......................................................................... 7
   મિલકતની હાની અથવા ગેરઉપયોગનું રીપોર્ટીંગ કરવું .................................... 8
10. અમે FMC ગોપનીય માહિતીની સુરક્ષા કરીએ છીએ અને અન્યોની ગોપનીય માહિતીને આદર આપીએ છીએ.......................................................................... 8
    ગોપનીય માહિતી શું છે ?.................................................................. 8
    ગોપનીય માહિતીની આપણે કેવી રીતે સુરક્ષા કરીએ છીએ ?.................................. 8
11. આપણે નૈતિક અને કાયદેસર રીતે ધંધાકીય માહિતી એકત્ર કરીએ છીએ........................... 9
12. આપણે હિતના સંઘર્ષો ટાળીએ છીએ.......................................................... 9
    આ હિતોના સંઘર્ષની નીતિ હેઠળ પ્રશ્નોનું નિરાકરણ કરવામાં મદદ લેવી....................... 11
13. આપણે એન્ટિટ્રસ્ટ અને અધર કમ્પીટીશન લોઝનું પાલન કરીએ છીએ............................ 11
    કિંમતો, ઉત્પાદન જથ્થા અથવા કાર્યક્ષમતા, કયાં વેચાણ કરવું અથવા અન્ય સ્પર્ધાત્મક બાબતો પર પ્રતિસ્પર્ધીઓ સાથે આપણે સહમત થતા નથી........................................ 11
    કંઈ ગેરકાયદે હાંસલ કર્યા સિવાય અથવા બજાર શકિતમાં સ્થિતિ અથવા પકકડનો ગેરઉપયોગ કર્યા સિવાય આપણે આક્રમક રીતે સ્પર્ધા કરીએ છીએ................................. 12
    ગ્રાહકો અને સ્પલાયર્સ સાથે વ્યવહારમાં આપણે

ગેરકાયદેસર સ્પર્ધા રોકતા કરતા નથી........................................................ 13
ગવર્નિંગ એકવીઝીશન એન્ડ મર્જરના નિયમોનું આપણે પાલન કરીએ છીએ.................. 13
કાનુની આર્થિક કાર્યોનો ઉપયોગ કરી આપણે મજબુત સ્પર્ધા કરીએ છીએ..................... 13
14. અન્ય રાષ્ટ્ર ધંધા માટેના નિયમો અને શરતોનું આપણે પાલન કરીએ છીએ...................... 13
આપણે તમામ આયાત નિયંત્રણ નિયમોનું પાલન કરીએ છીએ.............................. 13
આપણે તમામ નિકાસ નિયંત્રણ નિયમોનું પાલન કરીએ છીએ.............................. 14
આરબ લીગ બોયકોટ ઓફ ઈઝરાયેલ સહિત. સેકન્ડરી બોયકોટસ જે યુનાઈટેડ સ્ટેટસ ગર્વમેન્ટ પોલીસી વિરુધ્ધ હોય તેનુ પાલન અથવા તેમાં આપણે ભાગીદારી કરતા નથી................. 15
15. આપણે કોઈ રુશવતની ચુકવણી અથવા અયોગ્ય ચુકવણીઓ કરતા નથી......................... 15
આર્થિક રુશવતખોરીમાં આપણે સામેલ થતા નથી........................................... 16
સરકારી એજન્સીઓ, કર્મચારીઓ અથવા અધિકારીઓને આપણે કોઈ રુશવત અથવા ગેરકાયદે ચુકવણી કરતા નથી............................................................ 16
સેલ્સ રીપ્રેઝન્ટેટીવ્સ, ડિસ્ટ્રીબ્યુટર્સ અને કન્સલ્ટન્ટસની નિમણુંક કરવામાં આપણે ખાસ સંભાળનો ઉપયોગ કરીએ છીએ.............................................................. 17
16. રાજકીય પ્રક્રિયાનો આપણે આદર કરીએ છીએ અને સંચાલક રાજકીય ફાળવણીઓના નિયમોનું પાલન કરીએ છીએ.............................................................. 17
17. ઈનસાઈડર ટ્રેડીંગ અને સંલગ્ન ગેરકાયદેસર વર્તણુંકમાં આપણે સામેલ થતા નથી................ 18
18. સરકારી ઉપલબ્ધિઓમાં આપણે કાનુની અને યોગ્ય રીતે કાર્ય કરીએ છીએ...................... 19
19. આપણે ચોકકસ કંપની રેકોર્ડર્સની જાળવણી કરીએ છીએ અને સંપુર્ણ, વ્યાજબી, ચોકકસ, સમયસર અને સમજાય તે રીતે સ્પષ્ટતા કરીએ છીએ............................................ 19
20. આપણા રેકોર્ડર્સની આપણે યોગ્ય રીતે જાળવણી કરીએ છીએ................................ 20
21. સરકારી તપાસો પ્રત્યે આપણે યોગ્ય રીતે પ્રતિભાવ આપીએ છીએ............................ 20
આપણે FMC વતી બોલતા નથ..................................................... 20
સરકારી અધિકારીઓ અથવા તપાસકર્તા સાથે કોઈ ચર્ચા પહેલા આપણે FMC નો સંપર્ક કરવું દ્રઢપણે માનીએ છીએ........................................................... 21
આપણે તપાસકર્તાની સત્તાની ખરાઈ કરીએ છીએ....................................... 21
આપણે FMC દસ્તાવેજો અને માલીકી માહિતીનું રક્ષણ કરીએ છીએ........................ 21
22. રીપોર્ટીંગ અને માહિતી સ્ત્રોતો ................................................... 22
FMC એથિકસ રીસ્પોન્સ લાઈન સર્વિસ આ સુવિધાઓ પુરી પાડે છ........................ 22

# નૈતિક આચારસંહિતા અને ધંધાકીય વર્તણુંકનો પરિચય

FMC ખાતે ઈમાનદારી અને પ્રામાણિકતા અને તમામ લાગુ નિયમો સાથે સુસંગત રહી આપણા ધંધાનું સંચાલન કરવા માટે આપણે સમર્પિત છીએ. FMC ની નૈતિક આચારસંહિતા અને ધંધાકીય વર્તણુંક ("કોડ") આ ઉચ્ચ ધંધા ધોરણો પ્રત્યે આપણા સમર્પણનું ઉદાહરણ પુરું પાડે છે. દૈનિક કાર્યમાં આપણે પાલન કરવાનું છે તેવા કાનુની અને નૈતિક નિયમોનો કોડ સાર આપે છે અને આપણી નીતિઓ અને કાર્યોમાં આ નિયમો લાગુ પાડે છે.

કોર્પોરેશનની ટોચ પર કોડ પ્રત્યે FMC નું સમર્પણ શરૂ થાય છે. FMC ની કોર્પોરેટ રીસ્પોન્સીબીલીટી કમીટીમાં સીનીયર મેનેજમેન્ટનો સમાવેશ થાય છે અને બોર્ડ ઓફ ડિરેકટર્સની ઓડિટ કમીટીને રીપોર્ટ કરે છે. લાગુ નિયમો અને કોડ સાથે FMC ની સરેરાશ સુસંગતતાનું કોર્પોરેટ રીસ્પોન્સીબીલીટી કમીટી મૂલ્યાંકન કરે છે. સુસંગતતા તાલીમ કાર્યક્રમની દેખરેખ રાખે છે અને અર્થસભર સુસંગત બાબતો અને કાનુની વિકાસો પ્રત્યે યોગ્ય પ્રતિભાવને ધ્યાનમાં લે છે.

વિવિધ દેશો અને સંસ્કૃતિઓમાં નિયમો અને માપદંડો અલગ અલગ હોય છે. પરંતુ એક વૈશ્વિક કંપની તરીકે આપણું સામાન્ય લક્ષ્ય અને અવિરત સમર્પણ એ આપણે સંચાલન કરીએ છીએ તે ઉચ્ચ માપદંડોની સમાન રીતે જાળવણી કરવાની છે. આચારસંહિતાના અમુક ભાગનો યુનાઈટેડ સ્ટેટસના નિયમો પર કેન્દ્રીત છે કારણકે FMC નું હેડકવાર્ટર અને સંસ્થાપન યુનાઈટેડ સ્ટેટસમાં છે જયાં ધંધાના નિયમનનાં ઉચ્ચ ધોરણોની જાળવણી થાય છે. આમ છતાં U.S. કેન્દ્રીયકરણ અન્ય દેશોનાં લાગુ નિયમો સાથે સુસંગતતા પ્રત્યેની આપણી મર્યાદા અને સમર્પણમાં ઘટાડો કરતું નથી.

આચારસંહિતાની ફરજો આ મુજબ લાગુ પડે છે : (૧) FMC Corporation, તેની પેટા સંસ્થાઓ, સંયોજકો, સંયુકત સાહસો અને અન્ય તમામ સંસ્થાઓ, જે દરેક કિસ્સામાં, પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ રીતે FMC ધ્વારા નિયંત્રિત છે, (૨) આ સંસ્થાઓના કર્મચારીઓ અને ડિરેકટર્સ (FMC માટે તેમના કાર્ય સાથે સુસંગત હોય તેટલા અંશે) અને (૩) FMC વતી તેમનું કાર્ય કરતા સપ્લાયર્સ અને કોન્ટ્રાકટર્સ.

આપણે તમામ, તમામ કર્મચારીઓ, ડિરેકટર્સ અને આચારસંહિતા ધ્વારા નિયંત્રિત અન્યો સહિત, આચારસંહિતાથી પરિચિત અને તેને બંધનકર્તા થવા માટે જવાબદાર છીએ. વધુમાં, FMC ગ્રુપ, ડિવીઝન અને ઓપરેશન મેનેજર્સ અને સુપરવાઈઝર્સ, તેઓ જે ઓપરેશન્સનું સંચાલન કરે છે તેની આચારસંહિતા સાથે સુસંગતતા અને અમલીકરણ માટે જવાબદાર છે. આ જવાબદારી પુર્ણ કરવામાં નિષ્ફળ જવાથી કદાચ શિસ્ત પાલન સહિતના શિક્ષાત્મક પગલાં લેવામાં આવી શકે છે.

તમારા ધ્યાનમાં આચારસંહિતાનું કોઈ ઉલ્લંઘન આવે કે તમારે પણ તરત જ અને ચોકકસ રીતે રીપોર્ટ કરવાની આવશ્યકતા છે. તમારી રીપોર્ટીંગ ફરજો પુર્ણ કરવા વિશે આચારસંહિતાની કલમો ૩ અને ૪ સ્પષ્ટ માહિતીનો સમાવેશ કરે છે. આચારસંહિતાના અંતે રીપોર્ટીંગ અને માહિતી સ્ત્રોતો પણ પુરાં પાડવામાં આવ્યા છે. આચારસંહિતાનો હેતુ પ્રત્યેક સંભવિત નૈતિક અથવા કાનુની પરિસ્થિતિનો સમાવેશ કરવાનો નથી. શાણપણ, વિવેક અને સુદ્રઢ નિર્ણયે તમામને માર્ગદર્શન આપવું જોઈએ.

FMC ખાતે જેનું મહત્વ તે સિધ્ધાંતિક, નૈતિક અને કાનુની રીતે બંધનકર્તા વારસાની જાળવણીમાં મદદ માટે અમને તમારા સમપર્ણની આવશ્યકતા છે. હું જાણું છું કે તેના પર હું મદાર રાખી શકીશ.

**પિયર બ્રોન્ડેવુ**
**પ્રેસિડેન્ટ, સી.ઈ.ઓ. અને બોર્ડના ચેરમેન**

# નૈતિક આચારસંહિતા અને ધંધાકીય વર્તણુંક

## 1. નૈતિક વર્તણુંક પ્રત્યે આપણે સમર્પિત છીએ.

### નૈતિકતા પ્રત્યે સમર્પણ

નૈતિક વર્તણુંક એ વ્યકિતગત જવાબદારી છે. હોદ્દા અને સ્થળને ધ્યાનમાં ન લેતાં, તમામ ડિરેકટર્સ, કર્મચારીઓ અને આચારસંહિતા સાથે મર્યાદિત અન્ય તમામ પાસેથી ઉચ્ચ નૈતિક ધોરણો ધરાવતી વર્તણુંકની અપેક્ષા રાખવામાં આવે છે. કોઈ ડિરેકટર, ઓફિસર, મેનેજર અથવા સુપરવાઈઝરને ઉલ્લંઘન કરવાની, અથવા આચારસંહિતા અથવા FMC નીતિઓ અથવા લાગુ નિયમનું ઉલ્લંઘ થતું હોય તેવી અન્ય કર્મચારી અથવા અન્ય કોઈ વ્યકિતની વર્તણુંક ચલાવી લેવાની સત્તા નથી.

FMC Corporation તેની પેટા સંસ્થાઓ, સંયોજકો, સંયુકત સાહસો અને અન્ય તમામ સંસ્થાઓ, જે દરેક કિસ્સામાં, પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ રીતે FMC દ્વારા નિયંત્રિત છે, આ સંસ્થાઓના કર્મચારીઓ અને ડિરેકટર્સ (FMC માટે તેમના કાર્ય સાથે સુસંગત હોય તેટલા અંશે) અને FMC વતી તેમનું કાર્ય કરતા સપ્લાયર્સ અને કોન્ટ્રાકટર્સને આચારસંહિતામાં ફરજો લાગુ પડે છે.

### નૈતિકતા માટે મેનેજમેન્ટની જવાબદારી

તમામ FMC ઓફિસર્સ, મેનેજર્સ અને સુપરવાઈઝર્સ તેમને રીપોર્ટ કરતા કર્મચારીઓના પગલા માટે જવાબદાર છે અને આચારસંહિતા અને FMC નીતિઓ અને લાગુ નિયમોનું પાલન કરવામાં આવે છે તેની દેખરેખ રાખવા માટે જવાબદાર છે. તેમણે આમ કરવું ફરજિયાત છે.

- કંપની નીતિઓ વિશે કાનુની અને નૈતિક વર્તણુંક સંલગ્ન હોય તે સહિત, તેમના કર્મચારીઓને જાણ કરવી.
- યોગ્ય ચાલુ કર્મચારી તાલીમનું આયોજન થાય અને આચારસંહિતાનું ઉલ્લંઘન કરનારા યોગ્ય રીતે શિસ્તમાં રહે તેની ખાતરી કરવી.
- ભાડે રાખેલ વ્યકિતઓને ટાળવા જેઓ લાગુ નિયમો અથવા આચારસંહિતામાં દર્શાવેલ પ્રકારનું ઉલ્લંઘન કરવાની સંભાવના ધરાવતા હોય; અને
- નૈતિકતા વિશે રચનાત્મક, નિખાલસ, અને ખુલ્લી ચર્ચાને પ્રોત્સાહન થાય અને પૂર્વગ્રહ વિના અપેક્ષા રાખવામાં આવે તેવા પર્યાવરણની જાળવણી કરવી.

આ પ્રયાસમાં, FMC નું ઓડિટ, માનવ સંશાધનો અને લો ડિપાર્ટમેન્ટસ અને એથિકસ ઓફિસ પાસેથી મેનેજર્સ સહાય મેળવવી જોઈએ અથવા પ્રાપ્ત કરશે.

## 2. આપણે કોડ, અન્ય FMC નીતિઓ, અને અન્ય તમામ લાગુ નિયમો સાથે સુસંગત છીએ.

આપણા ધંધાનું સંચાલન કરવામાં, આપણે કોડ, અન્ય FMC નીતિઓ, અને અન્ય તમામ લાગુ નિયમો સાથે સુસંગત છીએ.

આચારસંહિતાથી અલગ અથવા ઓછી કડક આચારસંહિતા પર આધારીત હોય તેવા સામાન્ય ટ્રેડીંગ અથવા વાટાઘાટો થતી હોય તેવા કાર્યો ધરાવતા હોય તેવા દેશો છે. આ પ્રકારના દેશોમાં, કર્મચારીઓએ લાગુ નિયમો દ્વારા માન્ય તફાવતોના અપવાદ સિવાય અને સારા નૈતિક અને ધંધાકીય નિર્ણય પર આધારિત હોય તેવી આચારસંહિતાનું પાલન કરવું જોઈએ. જો કોઈ ડિવીઝન મેનેજર ઉપલબ્ધ ન હોય તો FMC Corporation નાં સંલગ્ન ડિવીઝન મેનેજર અથવા પ્રેસિડેન્ટ અથવા વાઈસ પ્રેસિડેન્ટે આ પ્રકારનાં કોઈ તફાવતોને લેખિતમાં અનુમતિ આપવી ફરજીયાત છે. આચારસંહિતા વિશે, કોઈ દેશના કાનુનના અમલ વિશે અથવા સંબંધ વિશે અથવા તેમના વચ્ચે કોઈ દેખિતા અપવાદ વિશે જો તમારા કોઈ પ્રશ્નો હોય તો, FMC વકીલનો સંપર્ક કરો.

અસમાન્ય સંજોગોમાં જ્યાં એક્ઝીક્યુટીવ ઓફિસર અથવા ડિરેક્ટર માટે આચારસંહિતાનો પરિત્યાગ યોગ્ય હોય, ત્યાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અથવા બોર્ડની કમીટી ધ્વારા આ પ્રકારના

પરિત્યાગની માન્યતા પ્રાપ્ત કરવી અને આવશ્યક લાગુ નિયમો અને બંધનો તરીકે તરત જાહેરાત કરવી ફરજિયાત છે. અન્ય તમામ કર્મચારીઓના કિસ્સાઓમાં, માત્ર એક કોર્પોરેટ ઓફિસર, જનરલ કાઉન્સેલ સાથે સંયુક્ત રીતે, આ પ્રકારના પરિત્યાગને માન્ય કરી શકશે.

## 3. આપણે FMC કોર્પોરેટ રીસ્પોન્સીબીલીટી પ્રોગ્રામનો અમલ કરીએ છીએ.

### કોર્પોરેટ રીસ્પોન્સીબીલીટી કમીટી

FMC ની કોર્પોરેટ રીસ્પોન્સીબીલટી કમીટીમાં સીનીયર મેનેજમેન્ટનો સમાવેશ થાય છે અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ઓડિટ કમીટીને રીપોર્ટ કરે છે. લાગુ નિયમો અને કોડ સાથે FMC ની સરેરાશ સુસંગતતાનું કોર્પોરેટ રીસ્પોન્સીબીલીટી કમીટી મૂલ્યાંકન કરે છે. સુસંગતતા તાલીમ કાર્યક્રમની દેખરેખ રાખે છે અને અર્થસભર સુસંગત બાબતો અને કાનુની વિકાસો પ્રત્યે યોગ્ય પ્રતિભાવને ધ્યાનમાં લે છે. પ્રશ્નો પુછવા અને આચારસંહિતાના શંકાસ્પદ ઉલ્લંઘનોનું રીપોર્ટીંગ કરવા માટે સ્ત્રોતો પુરાં પાડવામાં આવ્યા છે તે ઉપરાંત નીચે આપેલ સરનામા પર કોર્પોરેટ રીસ્પોન્સીબીલીટી કમીટીનો સપંર્ક કરવા માટે કર્મચારીઓને પ્રોત્સાહન આપવામાં આવે છે.

FMC એથિક્સ ઓફિસ
PBM 3767
13950 Ballantyne Corporate Place
Charlotte, NC 28273
USA

અથવા ઓનલાઈન
http://fmc.ethicspoint.com

અથવા FMC એથિક્સ રીસ્પોન્સ લાઈન :
U.S. 1-855-649-8997 (ટોલ ફ્રી) અથવા 1-866-332-6800 (ટોલ ફ્રી)
આંતરરાષ્ટ્રીય : +1-704-759-2082 (સમુહિત કોલ)

## 4. આપણે શંકાસ્પદ અપલાનનો રીપોર્ટ કરીએ છીએ.

આચારસંહિતાનું શંકાસ્પદ ઉલ્લંઘન કરતા હોય તેવા કોઈપણ કર્મચારી વિશે નીચે દર્શાવેલ પ્રક્રિયા મારફતે તરત જ રીપોર્ટ કરવો ફરજીયાત છે. ઓળખ અથવા શંકાસ્પદ ઉલ્લંઘન કરનારના હોદ્દાની ચિંતા કર્યા વિના આ પ્રકારની કોઈપણ માહિતી સાથે કર્મચારીએ આગળ આવવાનું રહે છે.
માહિતીનું સંચાલન FMC ગુપ્ત રીતે કરશે અને ધ્યાન રાખશે કે સારી ભાવનાથી રીપોર્ટ કરનાર કોઈ સામે પૂર્વગ્રહ અથવા બદલાની ભાવનાથી કોઈ કાર્ય કરવામાં આવે નહી.

### અપાલન રીપોર્ટીંગ પ્રક્રિયા

**કર્મચારી રીપોર્ટ :** આચારસંહિતાનું ઉલ્લંઘન કરતા હોય તેવા કોઈપણ કર્મચારી વિશે તરત જ રીપોર્ટ કરવો ફરજીયાત છે.

**તપાસ :** કોઈ રીપોર્ટ થયેલ આચારસંહિતા, અન્ય FMC નીતિ, અથવા લાગુ નિયમોના ઉલ્લંઘનની તપાસ કરવાની અને તપાસના પરિણામના આધારે, FMC ધ્વારા નક્કી થયેલ, યોગ્ય પગલાં લેવાની FMC ની નીતિ અને હેતુ છે. એકાઉન્ટીગ, એકાઉન્ટીગ નિયંત્રણો અને ઓડિટ બાબતોનાં સ્પોર્ટસની તપાસ બોર્ડ ઓફ ડિરેક્ટરર્સની ઓડિટ કમીટીની દેખરેખ હેઠળ તપાસ કરવામાં આવશે. અન્ય તમામ ઉલ્લંઘનોની તપાસ એથિક્સ ઓફિસની દેખરેખ હેઠળ તપાસ કરવામાં આવશે. રીપોર્ટ થયેલ ઉલ્લંઘનોની તપાસમાં કર્મચારીઓના સહકારની અપેક્ષા રાખવામાં આવે છે.

**ગુપ્તતા :** તપાસમાં ભાગ લે છે તેઓ અથવા તપાસકર્તાઓ શંકાસ્પદ ઉલ્લંઘન કરનાર કોઈપણની ઓળખ પ્રગટ કરશે નહી. કર્મચારીઓએ ધ્યાન રાખવું જોઈએ કે એથિક્સ ઓફિસ અને ઓડિટ કમીટી FMC ના શ્રેષ્ઠ હિતમાં કાર્ય કરવા માટે કર્તવ્યનિષ્ઠ છે અને વ્યકિતગત પ્રતિનિધિઓ અથવા કર્મચારીનાં વકીલો તરીકે કાર્ય કરતા નથી.

**પ્રતિશોધ સામે સુરક્ષા :** આચારસંહિતાના ઉલ્લંઘનનો સારી ભાવનાથી જે રીપોર્ટ કરે છે તેવી વ્યકિત, રીપોર્ટ ભુલભરેલો હોય તો પણ અથવા ઉલ્લંઘનના રીપોર્ટની તપાસમાં સહાયક તેવી વ્યકિત સામે કોઈપણ પ્રકારનાં પ્રતિશોધ પર પ્રતિબંધ છે. રીપોર્ટને આધીન હોય તેવા સાથી કર્મચારીઓ, સુપરવાઈઝર્સ અથવા અન્યોનો ભય રાખ્યા વિના આ પ્રકારના ઉલ્લંઘનોનો દરેક કર્મચારી રીપોર્ટ કરી શકે છે.

### અપાલન માટે શિસ્ત

આચારસંહિતાનું પાલન કરવામાં નિષ્ફળ જવાથી ફરજ મુકિત સુધીના કોઈપણ શિસ્તનાં પગલાં લેવામાં આવશે. દિવાની અથવા ફોજદારી / ગુના ના પગલાં પણ લઈ શકાય.

## 5. ગ્રાહકો સાથે આપણાં સંબંધોની આપણે કદર કરીએ છીએ અને તેને સુરક્ષિત કરીએ છીએ.

### અતિ મુલ્યવાન સપ્લાયર

FMC ખાતેનો પ્રાથમિક હેતુ આપણાં ગ્રાહકોનાં અતિ મૂલ્યવાન સપ્લાયર બનવાનો છે.

ગ્રાહકની જરૂરીયાતોને શ્રેષ્ઠ રીતે પૂર્તિ કરતા હોય તેવા ઉત્પાદનો અને સેવાઓ પુરી પાડી આ હેતુ આપણે હાંસલ કરીએ છીએ અને આમ કરવામાં સહકાર અને વિશ્વાસનો અતૂટ સંબંધનું નિર્માણ થાય છે.

તમામ લાગુ નિયમો મુજબ અને સારા ધંધાના કાર્ય સાથે સુસંગત હોય તે રીતે તમામ સમયે આપણા ગ્રાહકો સાથે આપણે વ્યાજબી અને પ્રમાણિક રીતે વર્તણુંક કરીએ છીએ. આપણાં પ્રતિસ્પર્ધીઓ સહિત અન્ય કંપનીઓ અથવા તેમનાં કર્મચારીઓ અથવા ઉત્પાદનો વિશે કોઈ ખોટી અથવા ગેરમાર્ગે દોરનારી ટિપ્પણીઓ આપણે કરતા નથી.

### સલામત અને ઉચ્ચ ગુણવત્તા ઉત્પાદનો

આપણા ઉત્પાદનો અને સેવાઓનો ઉપયોગ કરતા હોય તેમના સ્વાસ્થય અને સલામતી માટે ઉચ્ચ આદર સાથે આપણે ધંધો કરીએ છીએ. આ આદર સલામતીની ખાતરી કરે છે અને FMC અને આપણાં ગ્રાહકો વચ્ચેના સંબંધો મજબુત કરે છે. FMC ઉત્પાદનોની ગુણવતા અને સલામતી, ડિઝાઈનથી ઉત્પાદન સુધી, ચાલુ સુધારાઓ અને ગ્રાહક સહાયની ખાતરી કરવામાં દરેક કર્મચારી સંવેદનશીલ ભૂમિકા ભજવે છે.

## 6. આપણાં કર્મચારીઓ સાથેનાં સંબંધોની આપણે કદર કરીએ છીએ અને તેને સુરક્ષિત કરીએ છીએ.

### કર્મચારીઓ માટે આદર

માનવ આદર સન્માન માટે FMC સમર્પિત છે. આપણાં કર્મચારીઓમાં મજબુત સંબંધ હાંસલ કરવામાં અને જાળવણી કરવામાં વિશ્વાસ, આદર અને નૈતિક ધંધાકીય સંચાલન આવશ્યક છે. આ સંબંધોમાં પ્રાથમિક બાબત એ કે દરેક કર્મચારીનો ફાળો અને વ્યકિતગત મૂલ્યની ઓળખ છે. FMC ખાતે, આપણાં કર્મચારીઓની વિવિધતાનો આદર કરીએ છીએ અને પ્રત્યેક કર્મચારીને આપણે આદર અને સન્માન સાથે વર્તણુંક અને વ્યવહાર કરીએ છીએ. સ્થળના લાગુ નિયમો સાથે સુસંગત, કર્મચારીઓ અને રોજગામ માટે અરજદારો વિશે તેમની જાતિ, માન્યતા, વંશ, ધર્મ, રાષ્ટ્રીય મુળ, વય, ખોડખાંપણ, લાંબા સમયથી ઘડાયેલ સ્થિતિ અથવા જાતીય કેન્દ્રીકરણને બદલે તેમની કાર્યક્ષમતા અને અનુભવોના આધારે નિર્ણય કરવામાં આવશે. કોઈપણ પ્રકારની જાતીય સતામણી પર પ્રતિબંધ છે.

### બાળ મજુરી / બળપુર્વક મજુરી

કોઈપણ પ્રકારની નુકશાનકારક બાળ મજુરી અને બળપુર્વક મજુરી અથવા ફરજિયાત મજુરીના આપણે વિરોધી છીએ. આપણા કાર્યસ્થળો પર નુકશાનકારક બાળ મજુરી અને બળપુર્વક મજુરી અથવા ફરજિયાત મજુરી પર પ્રતિબંધની FMC ની નીતિ છે અને આપણા સપ્લાયર્સ અને કોન્ટ્રાકટર્સ પાસેથી પણ તેની આપણે અપેક્ષા રાખીએ છીએ.

### કર્મચારીઓની ગુપ્તતા માટે આદર

FMC તેનાં કર્મચારીઓ, ભૂતપૂર્વ કર્મચારીઓ અને નોકરી અરજદારોની ગુપ્તતાનો આદર કરે છે અને લાગુ નિયમો સાથે સુસંગત ધંધાકીય કારણોસર જ કર્મચારીની માહિતીની વહેંચણી કરશે. વિભાગ ૯ માં વિસ્તૃત રીતે વર્ણવેલ છે તે મુજબ ઈલેક્ટ્રોનિક કોમ્યુનિકેશન્સ પર દેખરેખ રાખવાના FMC ના હકક સાથે આ અસંગત નથી.

### સલામત અને તંદુરસ્ત કાર્ય પર્યાવરણ

સલામત અને તંદુરસ્ત કાર્ય પર્યાવરણની જાળવણી કરવી એ આપણા ધંધાકીય કાર્યનો આંતરીક ભાગ છે. અકસ્માતો આપણા કર્મચારીઓને નુકશાન કરે છે અને ધંધાની અસરકારક કાર્યક્ષમતામાં સાથે સાથે આપણે સંચાલન કરીએ છીએ તેમાં સમુદાયોના વિશ્વાસમાં ઘટાડો પણ કરે છે. તંદુરસ્ત કાર્ય પર્યાવરણની જાળવણી કરી સલામત પ્રવૃત્તિઓ અને કાર્યોનું પાલન કરી અને તમામ સૂચિત વ્યકિતગત સુરક્ષાત્મક સાધનનો ઉપયોગ કરી અકસ્માતો ટાળવા માટે આપણે જવાબદાર છીએ.

### કોઈ આવશ્યક દુરવ્યવહાર નહીં

અમારી વ્યવસ્થામાં અમે કોઈ ગેરકાયદેસર અથવા અનધિકૃત દવાઓ, સિન્થેટિક/ ડિઝાઈનર દવાઓ, અથવા કોઈ નિયંત્રિત પદાર્થ (કાનુની રીતે લખી આપવામાં આવેલ દવાઓ સિવાય) નું અમે વેચાણ, ખરીદી, સ્થળાંતર, ઉત્પાદન, માલીકી અથવા રજુ કરવાની અનુમતિ કરતા નથી અથવા FMC કાર્ય સ્થળો પર FMC ધંધામાં કાર્યરત, અથવા FMC સાધનમાં અમે સુચિત દવાઓનો ગેરઉપયોગ કરતા નથી.

વધુમાં FMC સંસ્થાનમાં અથવા કંપની સ્થળો પર અમે આલ્કોહોલનું વેચાણ, ખરીદી, સ્થળાંતર, ઉત્પાદન ધારણ કરતા નથી (કંપનીના સહાયિત, અધિકૃત અને દેખરેખ હેઠળનાં પ્રસંગો સિવાય) FMC ધંધો કરતી વખતે અથવા FMC સંચાલન સમયે અથવા કાર્ય–સંબંધિત ફરજો બજાવવામાં અમે આલ્કોહોલની અનુમતિ આપતા નથી.

## 7. આપણે સ્વાસ્થય, સલામતી અને પર્યાવરણીય નિયમોનું પાલન કરીએ છીએ.

તમામ લાગુ નિયમો સાથે સંપુર્ણ સુસંગત રીતે અને પર્યાવરણીય, સ્વાસ્થય, અને સલામતી બાબતોમાં અવિરત સુધારા સાથે આપણાં કર્મચારીઓ, આપણાં પરિવારો, આપણાં સમુદાયો અને લોકોનાં સ્વાસ્થય અને સલામતી અને પર્યાવરણ માટે આપણે સમર્પિત છીએ.

FMC પર્યાવરણીય માપદંડોની પૂર્તિ કરવા માટે પ્રત્યેક FMC માલીકીની અને સંચાલિત સંસ્થાએ તમામ જાહેર સ્વાસ્થય અને પર્યાવરણીય નિયમો અને તેની સાથે સંલગ્ન કાર્યો સાથે સુસંગતતાનું પ્રદર્શન કરવું. લાગુ નિયમો સાથે સુસંગત રહેવાનું, તેઓ ઉત્પાદન અને સંચાલન કરે છે તેનું જોખમ અને પ્રકૃતિ પર સ્થાનિક સમુદાયો સાથે ખુલ્લા વાર્તાલાપની જાળવણી કરવી ફરજીયાત છે.

**સ્વાસ્થય, સલામતી, સુરક્ષા અને પર્યાવરણ વિશે FMC ની વિશ્વસ્તરની નીતિ**

પર્યાવરણ અને આપણા કર્મચારીઓ, તેમનાં પરિવારો, અમારા સમુદાયો અને જનતાની સુરક્ષાની જવાબદારી FMC સ્વીકારે છે. જે આપણાં ધંધાકીય સાતત્યનું મૂલ્ય છે. સમગ્ર વિશ્વમાં તમામ FMC કર્મચારીઓની સ્વાસ્થય, સલામતી, સુરક્ષા અને પર્યાવરણ (HSSE) ને પારદર્શક રીતે પ્રોત્સાહન આપવાની જવાબદારી છે.

FMC ની સ્વાસ્થય, સુરક્ષા, સંરક્ષણ અને પર્યાવરણની વિશ્વસ્તરીય નીતિ (HSSE)

- FMC તેના ધંધાને ટકાવવા માટે મુળભુત મુલ્યો તરીકે પર્યાવરણનું જતન, પોતાના કર્મચારી તેમજ તેમના કુટુંબના, સ્થાનિક સમુદાયો, પ્રજાના સ્વાસ્થય, સુરક્ષા અને સલામતીને પોતાની જવાબદારી તરીકે સ્વીકારે છે. સ્વાસ્થય, સુરક્ષા, સંરક્ષણ અને પર્યાવરણની પારદર્શક ઉન્નતિ એ વિશ્વના FMC ના દરેક કર્મચારીની ફરજ છે.
- અવિરત નવીનતા, કાર્યો અને ધંધાકીય કાર્યો પર આધારીત ધંધાકીય કુનેહ રાખવી, કારણકે આપણો ધંધો આપણે વધારવા માંગીએ છીએ અને દરેક સ્થળે લોકોના જીવનની ગુણવત્તા સુધારવા માંગીએ છીએ.
- લોકો અને ધંધાકીય સ્વાસ્થય, પર્યાવરણ અને કર્મચારી સલામતીની સંરક્ષક હોય તેવી પારદર્શક રીતે આપણાં ધંધાનું સંચાલન કરવું.
- ઈજા–મુકત કાર્યસ્થળો હાંસલ કરવાના હેતુ સાથે, તમામ અકસ્માતો અને ઈજાઓ ઘટાડવા માટે તમામ પ્રયાસો કરવા.
- આપણાં ઉત્પાદનોનાં ઉત્પાદનમાં અને નવા ઉત્પાદનો, સુવિધાઓ અને પ્રક્રિયાઓ માટેના આયોજનમાં HSSE વિચારણાને અગ્રતાક્રમ આપવો.
- તમામ HSSE નિયમો અને બંધનોનું પાલન કરવું.
- ઉત્સર્જન અને કચરો ઘટાડવા માટે અને ઉર્જા અને કુદરતી સ્ત્રોતો કાર્યક્ષમ રીતે વધારવા માટે તમામ પ્રયાસો કરવા, આપણો જેમજેમ વિકાસ થાય તેમ.
- આપણાં કર્મચારીઓ, સપ્લાયર્સ, ગ્રાહકો, પાડોશીઓ અને શેરધારકો સાથે HSSE મુદ્દાઓ વિશે સક્રિય રીતે રચનાત્મક ચર્ચાઓ કરવી જેથી સતત સુધારાની ખાતરી કરી શકાય અને
- આપણાં કર્મચારીઓ, સપ્લાયર્સ, ગ્રાહકો, કોન્ટ્રાકટર્સ અને આર્થિક ભાગીદારો સાથે કાર્ય કરી અમેરીકન કેમેસ્ટ્રી કાઉન્સીલ્સ રીસ્પોન્સીબલ કેર પ્રોગ્રામનાં નિયમોને ટેકો આપવો જેથી આપણા ઉત્પાદનો અને પ્રક્રિયાઓના વૈશ્વિક સ્તરે તેમના સમગ્ર આયુષ્ય દરમિયાન અને તેમના હેતુસર અંતિમ ઉપયોગ માટે જવાબદાર મેનેજમેન્ટને પ્રોત્સાહન આપી શકાય.

કોર્પોરેટ માપદંડો, ધંધાકીય નીતિ અને મેનેજમેન્ટ કાર્યો મારફતે FMC ની HSSE નીતિ સક્રિય છે. મેનેજમેન્ટ અને કર્મચારી સામેલગીરી, પર્યાપ્ત માનવ અને મુડી સ્ત્રોતોની ફાળવણી અને કડક માપદંડો, સમીક્ષા અને સુધારાત્મક કાર્ય વ્યવસ્થાઓ મારફતે અમલ થાય છે. આ નીતિને આધુનિક કરવી એ FMC ના ધંધાકીય સંચાલનનો આંતરીક ભાગ છે.

## 8. સપ્લાયર્સ અને કોન્ટ્રાકટર્સ સાથે આપણાં સંબંધોની આપણે કદર કરીએ છીએ અને તેને સુરક્ષિત કરીએ છીએ.

સપ્લાયર્સ સાથેના વ્યવહારોમાં સમાન અને વિશ્વાસનીય બની આધાર રાખી શકાય એવા ગ્રાહક તરીકે આપણી શાખની જાળવણી કરીએ છીએ. તમામ સમયે સપ્લાયર્સ અને કોન્ટ્રાકટર્સ સાથે આપણે વ્યાજબી અને પ્રામાણિક રીતે અને તમામ લાગુ નિયમો સાથે અનુકુળ રીતે વર્તણુંક કરીશું.

આપણાં સપ્લાયર્સ પાસે આપણે અપેક્ષા રાખીએ છીએ કે તેઓ આપણા સાત્ત્યતાના સમપર્ણના ભાગીદાર બને અને સલામત અને ઉચ્ચ ગુણવત્તાયુકત ઉત્પાદનો તૈયાર કરે.

આપણાં સપ્લાયર્સ પાસે આપણે અપેક્ષા રાખીએ છીએ કે તેઓ સ્વયંનું સંચાલન નૈતિક અને જવાબદારીપૂર્વક કરે જેથી તેમનાં કાર્યસ્થળોમાં માનવ આદર માટે સલામતી અને આદરને સહાય મળે અને FMC ના માપદંડો સાથે સુસંગત રહે.

## 9. આપણે આપણી મિલકત અને અન્યની મિલકતનું રક્ષણ કરવાનું છે.

મૂર્ત મિલકત, અમૂર્ત મિલકતો સહિત FMC મિલકતો અને ઈલેક્ટ્રોનિક મેઈલ, ટેલીફોન, ઈન્ટરનેટ અને ઈન્ટ્રાનેટ સહિત ધંધાકીય સંદેશાવ્યવહારોના તમામ સ્વરૂપોના નુકશાન, ચોરી અથવા દુરુપયોગ સામે રક્ષણ કરવા માટે આપણે જવાબદાર છીએ. યોગ્ય કંપની હેતુઓ માટે ઉપયોગ એ FMC ની મિલકતોનો ઉદેશ છે અને યોગ્ય અનુમતિ વિના તેનું વેચાણ, લોન પર આપી શકશે નહી. પ્રસંગોપાત અને મર્યાદિત ધોરણે આ મિલકતોનો આપણે વ્યકિતગત ઉપયોગ કરીએ છીએ માત્ર ત્યાં સુધી જ કે જે IT સ્ત્રોતોના સ્વીકૃત ઉપયોગો પર FMC ની નીતિઓ અને અન્ય સંલગ્ન નીતિઓ હેઠળ માન્ય હોય, આ માટે કોઈ માપ ધરાવતા વિશેષ ખર્ચા નથી અને ઉપયોગના પરિણામે અન્ય કર્મચારીઓ વિખૂટા પડતા નથી. વધુમાં, વ્યકિતગત લાભ માટે આ મિલકતોનો ઉપયોગ પ્રતિબંધિત છે.

**કંપની હેતુઓ માટે આપણાં ઈલેક્ટ્રોનિક કોમ્યુનિકેશન્સ અને ઈન્ટરનેટ એકસેસનો આપણે ઉપયોગ કરીએ છીએ.**

FMC ના ઈલેક્ટ્રોનિક સંદેશાવ્યવહારો અને ઈન્ટરનેટર એકસેસ સિસ્ટમ્સ એ મહત્વનાં સાધનો છે જેના મારફતે આપણી કંપનીનાં ધંધાનું આપણે સંચાલન કરીએ છીએ. આ સંદેશાવ્યવહાર સાધનો અને વ્યવસ્થાઓમાં ઈ–મેઈલ, ફેકસ અને ઈન્સ્ટન્ટ મેસેજીંગ વ્યવસ્થાઓનો સમાવેશ થાય છે. FMC તેના ઈન્ટરનેટ સ્ત્રોતો અને ઈલેક્ટ્રોનિક સંદેશાવ્યવહારોના ઉપયોગ પર દેખરેખ રાખવાનો અને સંભવિત ગેરઉપયોગોની તપાસ કરવાનો હકક આરક્ષિત રાખે છે. આવશ્યક કાનુનથી પર FMC સંદેશાવ્યવહાર સીસ્ટમના તેમના ઉપયોગમાં વપરાશકર્તા ગોપનીયતાની કોઈ અપેક્ષા ધરાવતા નથી.

ઈન્ટરનેટ સામગ્રી જો ખોટી લાગે અથવા અયોગ્ય જણાય તો તેને મર્યાદિત કરવાનો હકક FMC આરક્ષિત રાખે છે. ઈન્ટરનેટ એકસેસ અને ઈલેક્ટ્રોનિક સંદેશાવ્યવહારના તમામ ઉપયોગને લાગુ નિયમો, બંધનો અને FMC નીતિઓ સાથે સુસંગત રીતે થશે અને આ મુજબ ઉપયોગ થવો જોઈએ નહી.

- કોપીરાઈટ, ધંધાકીય ગોપનીયતા, પેટન્ટ અથવા અન્ય બૌદ્ધિક સંપત્તિનાં હકકોનું ઉલ્લંઘન.
- સોશ્યલ મીડીયા નેટવર્કસ અથવા અન્ય રીતે કંપનીની ગોપનીય માહિતી પ્રગટ કરવી.
- કોઈ વ્યકિતની ગોપનીયતાનું ઉલ્લંઘન કરવું અથવા અન્યોને ધમકી, લાલચ, છેતરપીડી, સતામણી, બદનામી, બીવડાવવું અથવા લાગણી દુભાવવી.
- અન્ય કોમ્પ્યુટર નેટવર્ક અથવા સીસ્ટમમાં અનધિકૃત પ્રવેશ કરવાનો પ્રયાસ કરો.
- પ્રમાણિત ન કરેલી ફાઈલ જેમ કે વાઈરસો, વર્મ્સ, પાસવર્ડ કેપ્ચરીંગ પ્રોગ્રામ્સ, ટ્રોજન હોર્સિઝ વગેરે તૈયાર કરવી, સંચાલન કરવી, સંગ્રહ કરવી અથવા જાણી જોઈને ફેલાવો કરવો.
- FMC સ્ત્રોતો ઈરાદાપૂર્વક વિક્ષેપિત અથવા નિષ્ક્રીય કરવા અથવા આ સ્ત્રોતોનો ઉપયોગ કરી અન્ય અધિકૃત વપરાશકર્તાને રોકવા.
- ચેઈન લેટર્સ, અનધિકૃત વાર્તાલાપો અથવા જાહેરાતો મોકલવી.
- ખાનગી બુલેટીન બોર્ડમાં લવાજમ ભરવું, શોપીંગ સાઈટસ અથવા અન્ય કોઈ બીન ધંધાકીય સાઈટો જેવા બીન ધંધાકીય હેતુ માટે અન્ય કર્મચારીઓનાં FMC બિઝનેઝ ઈ–મેઈલની વહેંચણી કરવી.
- કાર્યસ્થળ પર વિસ્તૃત જાતીય અથવા ધૃણાજનક સાહિત્ય રજુ કરવું.
- પોર્નોગ્રાફી, જુગારી સાહસો, બિનધંધાકીય – ચેટ રૂમ અથવા મેસેજ બોર્ડનો સંલગ્ન પ્રવેશ અથવા
- ધંધાકીય હેતુઓ માટે આવશ્યક હોય અને સ્થાનિક IT મેનેજમેન્ટની અનુમતિ હોય તે સિવાઈની ફાઈલો ડાઉનલોડ કરવી.

### મિલકતની હાનિ અથવા દુરુપયોગની જાણ કરવી

કોઈ મિલકતની હાનિ અથવા ગેરઉપયોગ વિશે કોઈ વ્યક્તિને જાણ થાય તો તેના અથવા તેણીના મેનેજર અથવા સુપરવાઈઝર અથવા અન્ય યોગ્ય FMC વ્યક્તિને જાણ કરવી ફરજિયાત છે. આ પ્રકારના અહેવાલો જે કોઈ વ્યક્તિને પ્રાપ્ત થાય તો તેનું સંભાળપૂર્વક અને સંપુર્ણ શિષ્ટાચારથી હાથ ધરવું.

## 10. અમે FMC ગોપનીય માહિતીની સુરક્ષા કરીએ છીએ અને અન્યોની ગોપનીય માહિતીને આદર આપીએ છીએ.

### ગોપનીય માહિતી શું છે ?

ગોપનીય માહિતી એ એવી માહિતી છે જેની સામાન્ય રીતે લોકોને જાણ હોતી નથી. જો અયોગ્ય રીતે પ્રગટ કરવામાં આવે તો, કંપની અથવા તેના ગ્રાહકો અથવા સપ્લાયર્સને નુકશાન કરી શકે છે અથવા પ્રતિસ્પર્ધીઓને સહાયક થઈ શકે છે. FMC મુલ્યવાન ગોપનીય માહિતીની માલીકી ધરાવે છે જેનો નોંધપાત્ર ખર્ચથી ઘણાં વર્ષોથી વિકાસ કરવામાં આવ્યો છે.

આ માહિતીમાં માલીકી માહિતી અને ધંધાકીય રહસ્યો જેમ કે વેચાણ ,નાણાંકીય, વૈજ્ઞાનિક, આર્થિક અથવા એન્જીનીયરીંગ માહિતી, ગ્રાહક સુચિઓ, માર્કેટીંગ આયોજનો, ટેકનીકલ આયોજનો, ફોર્મ્યુલાઝ, રીતો, ટેકનીકસ, પ્રક્રિયાઓ, કાર્યવાહીઓ, પ્રોગ્રામ્સ અને કોડસનો સમાવેશ થાય છે. કેવા પ્રકારની માહિતીનો સંગ્રહ થયેલ છે તે ધ્યાનમાં ન લેતાં એકત્રિત થયેલ અથવા તવારીખ થયેલ, ગોપનીયતા જાળવવા માટે FMC વ્યાજબી પગલાં લે છે.

### ગોપનીય માહિતીનું આપણે કેવી રીતે રક્ષણ કરીએ છીએ ?

FMC ની મૂર્ત અને અન્ય મિલકતની આપણે જેટલી ધ્યાનપૂર્વક સુરક્ષા કરીએ છીએ તે રીતે આ માહિતીની ગોપનીયતાની આપણે ફરજિયાત સુરક્ષા કરવાની છે અને માહિતીને પ્રગટ થતી અટકાવવા માટે રોજીંદી તકેદારીઓ લેવી જોઈએ. બિન – FMC લોકો અથવા માહિતી જાણવાની આવશ્યકતા ન હોય તેવા FMC લોકો સાથે પણ તેનો ઉપયોગ અધિકૃત કરવા અથવા તેમની સાથે આપણે માહિતીની વહેંચણી કરતા નથી, સિવાય કે કરારોમાં  દર્શાવેલ હોય અથવા કાનુની આદેશ હોય. FMC ખાતે રોજગાર સમાપ્ત થઈ ગયા બાદ પણ FMC ની ગોપનીય માહિતીની સુરક્ષા કરવાનું કર્તવ્ય ચાલુ રહે છે. બિન – FMC વ્યકિત સાથે FMC ગોપનીય માહિતીની વહેંચણી કરવા માટે વ્યાજબી ધંધાકીય કારણો હોય અને/અથવા બિન–FMC વ્યકિતને ગોપનીય માહિતીનો ઉપયોગ કરવાની અનુમતિ આપવા માટે, પહેલેથી લેખિત ગોપનીય કરાર કરવાની આવશ્યકતા છે. આ પ્રકારનાં સંજોગોમાં FMC વકીલ  કરાર પુરો પાડી શકશે. લો ડિપાર્ટમેન્ટની ઈન્ટ્રાનેટ વેબસાઈટ http://teams.myfmc.com/sites/law/Shared%20Documents/lawyerslist.pdf પર FMC વકીલોની સૂચિ મળી શકે. આપણે પણ માહિતી સલામત, પહોંચી ન શકાય તેવા સ્થળ પર માહિતી રાખીએ છીએ અને સલામત સ્થિતિ હેઠળ જ ગોપનીય માહિતીનું ઈલેકટ્રોનિક રીતે ટ્રાન્સમીટ કરીએ છીએ.

ગોપનીય માહિતીની સુરક્ષા કરવાનું આપણું ઉત્તરદાઈત્વ સોશ્યલ મીડીયા નેટવર્કીંગ સુધી વિસ્તરે છે. કોઈ સોશ્યલ નેટવર્કીંગ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ હોય ત્યારે FMC કર્મચારીઓએ પણ કંપનીની ગોપનીય માહિતીની સુરક્ષા માટે સમાન પ્રક્રિયાઓનું પાલન કરવું જોઈએ.

કોઈ શંકાસ્પદ અયોગ્ય પ્રાપ્તિ અને/અથવા તેની ગોપનીય માહિતીના ઉપયોગ માટે FMC કડક રીતે પગલાં લેશે. FMC ગોપનીય માહિતીની જો કોઈ સંભવિત ચોરી જણાય તો આપણા સુપરવાઈઝર, FMC વકીલ અથવા અન્ય યોગ્ય વ્યકિતના ધ્યાન પર આ બાબત આપણે ફરજીયાત લાવવાની છે.

## 11. આપણે નૈતિક અને કાયદેસર રીતે ધંધાકીય માહિતી એકત્ર કરીએ છીએ.

આપણા ધંધાના રોજીંદા કાર્યના ભાગ તરીકે, પ્રતિસ્પર્ધીઓ, સપ્લાયર્સ અને ગ્રાહકો વિશે આપણે નૈતિક અને કાયદેસર રીતે માહિતી એકત્ર કરીએ છીએ. સખત મહેનત અને સાતત્યતાથી લોકોમાંથી ખુબ ઉપયોગી માહિતી ઉપલબ્ધ થાય છે. બિન–જાહેર સ્ત્રોતોમાંથી માહિતી હાંસલ કરતી વખતે, આપણે ઈમાનદારી અને પ્રામાણિક રીતે કાર્ય કરીએ છીએ અને એન્ટીટ્રસ્ટ લોઝની મર્યાદા વિના, ટ્રેડ સિક્રેટ અથવા અન્ય ગોપનીય માહિતી અને નોકરીદાતાઓ અને કર્મચારીઓ વચ્ચેના ગોપનીય સંબંધો સંલગ્ન કાનુન સહિત કોઈ લાગુ નિયમનું ઉલ્લંઘન થતુ હોય તો આપણે કોઈ માહિતી મેળવતા, હાંસલ કરતા નથી અથવા તેનો ઉપયોગ કરતા નથી.

FMC માં અન્યો ઘ્વારા ગુપ્તતાના આધારે – સામાન્ય રીતે માહિતી સંલગ્ન કરારોમાં વર્ણવેલ પ્રક્રિયાઓનું પાલન કરી, પુરી પાડવામાં આવેલ ગુપ્ત માહિતીની આપણે સુરક્ષા કરીએ છીએ.

અન્યો પાસેથી આપણે અયોગ્ય રીતે ગુપ્ત માહિતી લેતા નથી. યુનાઈટેડ સ્ટેટસમાં, અયોગ્ય રીતે ટ્રેડ સિક્રેટ મેળવતી વ્યકિતઓ અને કંપનીઓ નુકશાન અથવા ભરપાઈના આદેશ માટે સીવીલ લોસ્યુટ, સાથે નાણાંકીય દંડ અથવા જેલવાસ સહિત, ઈકોનોમિક એસ્પિઓનેજ એકટ હેઠળ અપરાધી જવાબદારીને પાત્ર છે.

આપણે ગેરમાર્ગીય સંદેશાવ્યવહારો સ્વીકારતા નથી. કોઈ સંદેશાવ્યવહારોની પ્રાપ્તિ જે ભૂલભરેલી જોવા મળે અને માલીકી અથવા સંવેદનશીલ માહિતી, જેમ કે પ્રતિસ્પર્ધીનાં માર્કેટીંગ પ્લાન્સ અથવા એન્જીનીયરીંગ ડ્રોઈંગ્સ માટે તમારા સુપરવાઈઝરને અને ઈલેકટ્રોનિક સંદેશાવ્યવહારોના કિસ્સામાં, IT સિકયોરીટી ડિરેકટરને રીપોર્ટ કરવો જોઈએ જેથી યોગ્ય પગલાં લઈ શકાય.

## 12. આપણે હિતના સંઘર્ષો ટાળીએ છીએ.

આપણાં વ્યકિતગત હિતો (આપણાં નજીકનાં પરિવારોના* હિત સહિત) અને FMC નાં શ્રેષ્ઠ હિતો વચ્ચે સંઘર્ષ થાય તેવી કોઈ પ્રવૃત્તિમાં આપણે સામેલ થવું જોઈએ નહીં. FMC નાં શ્રેષ્ઠ હિતોમાં આપણે તમામ ધંધાકીય નિર્ણયો લઈએ છીએ. FMC અને આપણી વચ્ચે કોઈ વાસ્તવિક અથવા સંભવિત હિતોના સંઘર્ષ પર પ્રતિબંધ છે સિવાય કે આપણા સુપરવાઈઝર (અથવા ડિરેકટર, બોર્ડ ઓફ ડિરેકટર્સના કિસ્સામાં), જેઓ બાબત સાથે સંલગ્ન જનરલ કાઉન્સેલ સાથે ચર્ચા કરશે. તેમના ઘ્વારા લેખિતમાં ખાસ અનુમતિ આપવામાં આવી હોય. હિતોના સંઘર્ષની હાજરી અથવા ગેરહાજરી નકકી કરવામાં, નીચેની બાબતો ઘ્યાનમાં લેવામાં આવશે. આપણાં નાણાંકીય હિતની રકમ, FMC માં આપણો હોદ્દો અને તમામ બાબતો પર અસર કરે તેવા ધંધાકીય વ્યવહારોમાં આપણી સત્તા; અને અન્ય તમામ સંલગ્ન પરિબળો.

**હિતોનો સંઘર્ષ પેદા કરે તેવી પ્રવૃત્તિઓ આ મુજબ છે :**

- કંપની સમય પર અથવા કંપની મિલકતો સાથે વ્યકિતગત અથવા અન્ય બિન–FMC ધંધામાં સામેલ થવું.
- કોઈ બિન–FMC પેઢી અથવા વ્યકિત (સ્વરોજગાર સહિત) માટે કર્મચારી તરીકે અથવા સ્વતંત્ર કોન્ટ્રાકટર તરીકે કાર્ય કરવું અથવા FMC નાં કાર્યોમાં સમય અથવા ઘ્યાન આપવાનું હોય તેમાં વિક્ષેપ કરે અથવા કાર્યક્ષમતાને અસર કરે તેવી અન્ય કોઈ પ્રવૃત્તિ અથવા કાર્યમાં સામેલ થવું.
- FMC સાથે આપણાં હોદ્દા મારફતે હાંસલ કરેલ ગોપનીય માહિતીનો અંગત લાભ માટે ઉપયોગ અથવા પ્રગટ કરવું.

* "આચારસંહિતાના હેતુઓ માટે, "સૌથી નજીકના પરિવાર" નો અર્થ છે તમારા સાથીદાર, માતાપિતા, બાળકો, ભાઈબહેનો, સાસુ અને સસરા, દોહિત્રો અથવા દોહિત્રીઓ, સાળા અને સાળીઓ, અથવા અન્ય કોઈ જે તમારા ઘરમાં રહેતા હોય (ઘરનાં કર્મચારી સિવાય). "સૌથી નજીકના પરિવાર" ની આ વ્યાખ્યા તબીબી કવચ અથવા અન્ય લાભ આયોજન હેતુઓ માટે લાગુ થતી નથી.

- વ્યકિતગત લાભો માટે FMC મિલકતોનો નાશ કરવો. આ પોલીસી બંને મૂર્ત મિલકતોને જેમ કે સાધન, મોટરકાર્સ અને ટ્રક્સ અને ઓફિસ સપ્લાઈસ બંનેને લાગુ પડે છે અને FMC ધ્વારા પુરી પાડવામાં આવતી અથવા ચુકવણી થતી સેવાઓ, જેમ કે ઈન્ટરનેટ એક્સેસ, ઈલેક્ટ્રોનિક ઈમઈલ, ટેલીફોન, ફેક્સ અને આંતરિક મેઈલ સિસ્ટમ .
- કોઈપણ પ્રકારની લોન્સ અથવા ભેટો સ્વીકારવી, પસંદગીની સારવાર અથવા હોદ્દા માટે અથવા આપણાં નજીકના પરિવારોના કોઈ સભ્યો માટે તરફદારી જે FMC ના પ્રતિસ્પર્ધી, સપ્લાયર અથવા ગ્રાહક સાથે દેખીતા અથવા ગર્ભિત કર્તવ્ય હેઠળ હોય. ઉદાહરણ તરીકે, આપણી પ્રતિસ્પર્ધીઓ, સપ્લાયર્સ, અથવા ગ્રાહકોમાં કોઈપણ પ્રકારનાં રોકાણો કરતા નથી. જો અન્યો માટે કોઈ વ્યવસ્થા સામાન્ય રીતે ઉપલબ્ધ ન હોય અથવા આપણી ફરજો અને જવાબદારીના કારણો જો હિતોના સંઘર્ષ અથવા દેખીતા હિતોનો સંઘર્ષ ઉદ્ભવી શકે તેમ હોય. ટ્રાન્સપોર્ટેશન કંપનીઓ, હોટેલ્સ અને સમાન સેવા પુરસ્કર્તા ધ્વારા રજુ કરવામાં આવતા પ્રોત્સાહક પ્રિમીયમ્સ આપણે સ્વીકારીએ છીએ. જેમ કે ઉદાહરણ તરીકે "ફ્રિકવેન્ટ ફલાયર્સ" પ્રોગ્રામ લાભો – જો તેઓ સામાન્ય રીતે મુસાફરોને પુરાં પાડવામાં આવતા હોય અને તેની વિરુધ્ધ FMC એ દર્શાવેલ ન હોય.
- મર્જર, હસ્તાંતરણ, સંયુકત સાહસ અથવા અર્થસભર કરાર માટે FMC વાટોઘાટો કરતી હોય અથવા વાટાઘાટો કરવાનો ઈરાદો રાખતી હોય તેમાં રસ લેવો. તેમાં આપણાં વ્યકિતગત હિત સાથે સાથે આપણાં નજીકના પરીવારનાં સભ્યોના હિતોનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે, જાહેર ધંધો કરતી કંપનીઓમાં મધ્યમ રોકાણો પ્રીતબંધ કરવા માટેનો આ પોલીસીનો હેતુ નથી. આમ છતાં, જાહેર ધંધો કરતી કંપનીઓમાં મધ્યમ રોકાણો કરતી વખતે હિતોનો સંઘર્ષ અથવા દેખીતા હિતોનો સંઘર્ષ ટાળવા માટે સામાન્ય વિવેકબુધ્ધિનો ઉપયોગ કરવો જોઈએ. ઉદાહરણ તરીકે જાહેર ધંધો કરતા પ્રતિસ્પર્ધીઓ, ગ્રાહકો અથવા સપ્લાયરમાં આપણે રોકાણો કરતા નથી. જો આપણા ધ્યાનમાં હોય કે FMC એ એવા ધંધામાં પ્રવેશ કર્યો છે અથવા પ્રવેશ કરવાનું વિચારે છે જેમાં FMC અથવા અન્ય કંપનીનાં નાણાંકીય હિતોનો સમાવેશ થતો હોય.
- અર્થસભર રોકાણ કરવું અથવા અન્ય કંપની અથવા વ્યકિતને (સ્વ રોજગાર ક્ષમતામાં હોય તો પણ) કન્સલ્ટન્ટ અથવા સલાહકાર તરીકે સેવા આપવામાં અથવા તેમના માટે કાર્ય કરવામાં જો પેઢી અથવા વ્યકિત પ્રતિસ્પર્ધી (અથવા સક્રિય રીતે પ્રતિસ્પર્ધી બનવાનું આયોજન કરતા હોય), સપ્લાયર અથવા FMC ના ગ્રાહક.
- લોહી અથવા લગ્નના સંબંધ ધરાવતા હોય તેવી કોઈપણ વ્યકિત સાથે FMC ધંધાનું સંચાલન કરવું.

વધુમાં, FMC ની જનરલ કાઉન્સેલની લેખિત અનુમતિ વિના આપણે અથવા આપણી નજીકના પરિવારના* કોઈ સભ્યે કોઈ પ્રતિસ્પર્ધી, સામગ્રી અથવા સેવાઓના સપ્લાયર અથવા FMC ના  ગ્રાહકના બોર્ડ ઓફ ડીરેકટર્સમાં સભ્યપદ સ્વીકારવું જોઈએ નહી.

બોર્ડ પહેલાં જો ડીરેકટર કોઈ બાબતમાં વ્યકિતગત હિત ધરાવતા હોય, તો ચર્ચા પહેલાં સંપુર્ણ બોર્ડ સમક્ષ ડીરેકટરે હિતની સ્પષ્ટતા કરવી જોઈએ કારણકે આ પ્રકારની બાબતો અથવા ચર્ચા વિચારણા, તેમને અથવા તેણીને ચર્ચામાં ભાગ લેવામાંથી દુર રહેશે અને કોઈ રીતે એ બાબત પર મત આપી શકશે નહી. વ્યકિતગત હિતોમાં અન્યો સાથે આર્થિક, ઔદ્યોગિક, બેંકીગ, કન્સલ્ટીગ, કાનુની, એકાઉન્ટીગ, ચેરીટેબલ અથવા નાણાંકીય સંબંધોનો સમાવેશ થાય છે.

* "આચારસંહિતાના હેતુઓ માટે, "સૌથી નજીકના પરિવાર" નો અર્થ છે તમારા સાથીદાર, માતાપિતા, બાળકો, ભાઈબહેનો, સાસુ અને સસરા, દોહિત્રો અથવા દોહિત્રીઓ, સાળા અને સાળીઓ, અથવા અન્ય કોઈ જે તમારા ઘરમાં રહેતા હોય (ઘરનાં કર્મચારી સિવાય). "સૌથી નજીકના પરિવાર" ની આ વ્યાખ્યા તબીબી કવચ અથવા અન્ય લાભ આયોજન હેતુઓ માટે લાગુ થતી નથી.

FMC

**આ હિતોના સંઘર્ષની નીતિ હેઠળ પ્રશ્નોનું નિરાકરણ કરવામાં મદદ લેવી :**

આ પ્રકારના હિતને વ્યાજબી રીતે ઉત્તેજન આપી શકે તેવા કોઈ સામગ્રી વ્યવહાર અથવા સંબંધ અથવા સંભવિત વ્યવહાર અથવા સંબંધોને આપણે તરત જ આપણાં ઉપરી પાસે રજુ કરવા જોઈએ. ચોકક્સ પ્રવૃત્તિ, સંબંધ, હિત અથવા વ્યવહાર (વાસ્તવિક અથવા સુચિત) માટે આ હિતોના સંઘર્ષની નીતિ લાગુ કરવામાં જો કોઈ શંકા જણાય તો, સ્પષ્ટતા માટે FMC સુપરવાઈઝર અથવા મેનેજરને પુછો સંવેદનશીલ અથવા મુશ્કેલ પ્રશ્નોની FMC વકીલ પાસે રજુઆત કરવી.

## 13. આપણે એન્ટીટ્રસ્ટ અને અધર કમ્પીટીશન લોઝનું પાલન કરીએ છીએ.

FMC ની પ્રવૃત્તિમાં લાગુ તમામ એન્ટીટ્રસ્ટ અને કમ્પીટીશ લોઝનું પાલન કરવાની FMC ની નીતિ છે. જોકે બે પ્રતિસ્પર્ધા કાનુન વ્યવસ્થા સમાન હોતી નથી. મુખ્ય બાબતોના દ્રષ્ટિકોણોમાં મોટાભાગે સમાનતા હોય છે. આ માર્ગદર્શિકા એ વર્તણુકને જાહેર કરે છે જેને તમામ સમયે ટાળવી જોઈએ અને અન્ય વર્તણુંક માત્ર FMC વકીલ સાથે ચર્ચા કરી લાગુ કરી શકાય તેમ હોય છે.

